**-: આંક-૨૮ હેઠળ હુકમ :-**

(૧) અરજી વાંચી,પક્ષકારો તરફથી થયેલ દલીલો સાંભળી. દાવાનું રેકર્ડ તપાસ્યુ. હાલની અરજી પ્રતિવાદીના કાઉન્ટર કલેઈમ ને રદ્દ કરવા માટે વાદી દ્વારા આપવામાં આવેલ છે.

(૨) **દાવાની ટુંકી વિગત :-** વાદીએ હાલનો દાવો સ્પેશ્યલ રીલીફ એકટની જોગવાઈ મુજબ ડેકલેરેશન અને આદેશાત્મક મનાઈ હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે. વાદીનો ટુંકમાં કેસ એવો છે કે, મોજે ગામ નાલીયામાંડવી રે.સ.નં. ૨૦/૧/પૈકી-૪ વાળી જમીનમાં વાદીએ ૩૬ જેટલા પ્લોટો પાડયા છે. જે પૈકી પ્લોટ નં. ૨૩, ૨૪, ૨૫ અને ૨૬ માં પ્રતિવાદી એ દબાણ કર્યુ છે. જેથી આ દબાણને ગેરકાયદેસર ઠરાવીને દુર કરવા માટે તથા આદેશાત્મક હુકમ મેળવવા માટે વાદીએ હાલનો દાવો દાખલ કર્યો છે.

(૩) **પ્રતિવાદીના કાઉન્ટર કલેઈમની ટુંકી વિગત :-** પ્રતિવાદી નં. ૧ થી ૪ નાઓએ આંક-૨૦ થી લેખિત જવાબ અને કાઉન્ટર કલેઈમ રજૂ કર્યો છે. જેમાં પ્રતિવાદીએ એવી રજૂઆત કરી છે કે, વાદીનો દાવાવાળી મિલકત પર કોઈ હકક અધિકાર નથી. કારણ કે, મુળભુત રીતે આ જમીન નારણ પ્રસાદ નામના પંડિતની હતી. તેણે આ જમીન રામ નથુ ખારવાને વિલ કરીને આપી છે. ખરેખર રામ નથુ ખારવા ખેડુત નથી તેથી તેની તરફેણમાં ખેતીની જમીન વિલ

ધ્વારા તબદીલ થઈ શકે નહી. જો રામ નથુ ખારવા ખેડુત જ ન હોય અને ખેતીની જમીન પ્રાપ્ત કરી શકે તેવો કોઈ અધિકાર ધરાવતા ન હોય તે સંજોગોમાં વાદીઓ કે જે રામ નથુ ખારવાના વારસદારો છે તેઓ આ જમીનના માલીક બની શકે નહી. વધુમાં પ્રતિવાદીનો કેસ એવો છે કે, લગભગ ૮૦ વર્ષથી જમીન ઉપર પ્રતિવાદી નં. ૧ થી ૫ નું મકાન છે અને સેટલ પઝેશન છે. પ્રતિવાદીએ કાઉન્ટર કલેઈમમાં એવી દાદ માંગી છે કે, વાદી ખેડુત ન હોવાના કારણે દાવાવાળી જમીનની માલીકી પ્રાપ્ત થતી નથી તેવુ ઠરાવી આપો... તારીખ ૨૦/૦૧/૧૯૬૫ ના રોજ રામ નથુ ખારવાને કરી આપેલ વિલ રદબાતલ ઠરાવી આપો... તથા વાદી પ્રતિવાદીના જુનવાણી મકાનમાં પ્રવેશ કરે કરાવે નહી, તેને નુકશાન થાય તેવુ કૃત્ય કરે કરાવે નહી કે કોઈપણ રીતે અડચણ કે અટકાયત કરે કરાવે નહી તેવો પ્રતિબંધક કાયમી મનાઈ હુકમ ફરમાવવો.

(૪) પ્રતિવાદી નં. ૧ થી ૪ નો કાઉન્ટર કલેઈમ સી.પી.સી. ઓર્ડર ૭, રૂલ–૧૧ ની જોગવાઈ મુજબ રદ્દ કરવા માટે વાદીએ હાલની અરજી દાખલ કરેલ છે. વાદી તરફે વિ.વ.શ્રી નકવીની વિધ્વતાપુર્ણ રજૂઆત એવી છે કે, કાઉન્ટર કલેઈમમાં પ્રતિવાદી નં. ૧ થી ૪ એ તા.૨૦/૦૧/૧૯૬૫ ના રોજના વિલને ગેરકાયદેસર અને રદબાતલ ઠરાવવા માટેનું ડેકલેરેશન માંગ્યું છે. જયારે પ્રતિવાદી કાઉન્ટર કલેઈમ કરતા હોય ત્યારે તે જાણે કે દાવો જ હોય તે રીતે ટ્રીટ કરવાનો હોય છે. અને દાવાના જે જે નિયમો લાગુ પડે તે તમામ

નિયમો કાઉન્ટર કલેઈમને પણ લાગુ પડે. પ્રતિવાદી એ ૧૯૬૫ ની સાલમાં થયેલ રજીસ્ટર્ડ વિલને ચેલેન્જ કર્યુ છે. તે ખરેખર વિલ રજીસ્ટરર્ડ થયાના ત્રણ વર્ષમાં કરી શકાય. કારણ કે રજીસ્ટર્ડ થયેલ દસ્તાવેજની જાણ પક્ષકારોને અને આમ જનતાને છે જ તેવુ કાયદાકીય અનુમાન છે. તેથી ૫૫ વર્ષ પહેલા થયેલ વિલને ચેલેન્જ કરવા માટેની સમયમર્યાદા વીતી ચુકી છે તેથી પ્રતિવાદીને કાઉન્ટર કલેઈમની સમય મર્યાદાનો બાધ નડતો હોય, કાઉન્ટર કલેઈમ હોપલેશ હોય, રદૃ કરવા માટે વિનંતી કરેલ છે.

(૫) વાદી તર્ફે તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે, જે માનસહિત વંચાણે લીધા.

૧. ૨૦૧૨(૦)જી.એલ.એચ.ઈ.એલ.(એચ.સી.)પેજ નં.૨૨૭૩૯૦.
૨. ૨૦૧૭(૦) એ.આઈ.જે.ઈ.એલ. એચ.સી.૨૩૮૦૯૩.
૩. ૨૦૧૯(૨) જી.એલ.એચ. એચ.સી. પેજ નં.૬૯૫.
૪. ૨૦૧૯(૩) જી.એલ.એચ. પેઈજ નં.૩૦૮.

(૬) પ્રતિવાદી તરફે આંક-૨૮ ની અરજીનો આંક-૨૯ થી જવાબ રજૂ કરવામાં આવ્યો છે. અને વિધ્વતાપુર્ણ દલીલ કરતા રજૂઆત કરવામાં આવી છે કે, વાદી ગેરકાયદેસર રીતે દાવાવાળી મિલકતને ધારણ કરી રહયા છે. વાદી જેની પાસેથી પોતે અધિકાર મેળવ્યો હોવાનું જણાવે છે તે રામ નથુ ખારવા ખેડુત ન હતા અને તેથી જે તબદીલી થયેલ છે તે બિનખેડુતને થયેલ તબદીલી છે. તેથી શરુઆતથી જ જે વ્યવહાર ફ્રોડયુલન્ટ છે તેના આધારે વાદીને કોઈ

અધિકાર મળી શકે નહી. વધુમાં એવી પણ રજૂઆત છે કે, ૧૯૬૫ ની સાલમાં થયેલ વિલમાં પ્રતિવાદી નં. ૧ થી ૪ પક્ષકાર ન હતા અને જયારે વાદીએ હાલનો દાવો કર્યો ત્યારે જ પ્રતિવાદીઓને જાણ થઈ છે અને સામે દાવો કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. તેથી કાઉન્ટર કલેઈમ સમયમર્યાદામાં છે, રદૃ કરી શકાય નહી. તેમની રજૂઆતના સમર્થનમાં (૧) જગદીશકુમાર વિ. હરીશંકર, ૨૦૦૦(૦) એ.આઈ.જે.–એમ.પી., ૧૪૧૭૫૪૮. (૨) ઈર્ષાદ અલી વિ. સહાબા બેગમ,૧૯૯૭(૦), એ.આઈ.જે.–ડી.એલ.,૧૩૧૨૯૪૫. ના ચુકાદા ઉપર આધાર રાખ્યો છે. જે ચુકાદાઓ માનસહિત વંચાણે લીધા.

**(૭) કારણો :–**

**(૭.૧)** ઉભય પક્ષની રજૂઆતો સાંભળી, રજૂ થયેલ ચુકાદાઓ ધ્યાને લીધા. અત્રે એ સ્પષ્ટ છે કે, પ્રતિવાદી નં. ૧ થી ૪ એ કાઉન્ટર કલેઈમ માં ૧૯૬૫ ની સાલમાં રજીસ્ટર્ડ થયેલ વિલને ગેરકાયદેસર અને રદૃબાતલ ઠરાવવાની દાદ માંગી છે.

વાદીએ હાલની અરજી એ કારણસર જ દાખલ કરી છે કે, ૧૯૬૫ ની સાલમાં રજીસ્ટર્ડ થયેલ વિલ જો પડકારવું હોય તો ત્રણ વર્ષની સમયમર્યાદા છે તે સમયમર્યાદા વિતી ચુકી છે તેથી કાઉન્ટર કલેઈમ રદૃ કરવામાં આવે. કારણ કે, સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧(ડી) મુજબ દાવો લીમીટેશન એકટથી બાધિત થાય છે. વાદી તરફે વિ.વ.શ્રીએ તેમની દલીલમાં એવી રજૂઆત કરી છે કે, વિલ

રજીસ્ટર્ડ થયેલ છે તેથી રજીસ્ટર્ડ થયેલ ડોકયુમેન્ટનું ડીમ્ડ નોલેજ છે તેવું ગણાય. તેથી આ વિલ પડકારવા માટેની દાદ ૩ વર્ષની સમયમર્યાદામાં જ માંગી શકાય, સાથે સાથે વાદીના વિ.વકીલશ્રીએ ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ–૩ મુજબ જે ડીમ્ડ નોલેજ હોવા અંગેની જોગવાઈ છે તેના ઉપર પણ આધાર રાખ્યો છે. ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ–૩ ની જોગવાઈ સાથે આ અદાલત સંપુર્ણપણે સહમત છે. પરંતુ સમયમર્યાદા કયારથી શરુ થયેલી ગણાય, તે બાબતે સંખ્યાબંધ ચુકાદાઓ ધ્વારા પ્રસ્થાપિત થઈ ચુકયુ છે કે, રજીસ્ટર્ડ થયેલ ડોકયુમેન્ટમાં સહી કરનાર પક્ષકારોને ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ–૩ ની જોગવાઈ મુજબનું ડીમ્ડ નોલેજ છે જ તેવુ અનુમાન આપણે કરવું પડે. પણ જે વ્યકિતઓ નોંધાયેલ દસ્તાવેજના પક્ષકારો નથી તે વ્યકિતઓને આ દસ્તાવેજ એકઝીકયુટ થયાની જાણ થઈ છે એવુ રજીસ્ટર્ડ ડોકયુમેન્ટ હોવા માત્રથી માની શકાય નહી. સચોટ અને પ્રથમદર્શનીય રીતે એ હકિકત કાઉન્ટર કલેઈમના પ્લીડીંગમાંથી જ જણાય આવતી હોય કે રામ નથુ ખારવાની તરફેણ માં થયેલ વિલની જાણકારી પ્રતિવાદી ઓને પહેલેથી જ હતી તો તેવા સંજોગોમાં સમયમર્યાદા જયારથી પ્રતિવાદી નં. ૧ થી ૪ ને જાણ થઈ હોય ત્યારથી શરુ થયેલ ગણાય. કોઈપણ દસ્તાવેજ રજીસ્ટ્રારની કચેરીમાં નોંધણી થાય તેટલા માત્રથી જ સમગ્ર સમાજ કે જગતને દસ્તાવેજની જાણ થઈ જાય તે સામાન્ય સંજોગોમાં શકય નથી. તે સંજોગોમાં વાદીની આ દલીલ સાથે હું સહમત નથી કે, વિલ

નોંધાયેલ હોવાથી વિલ નોંધાયાની તારીખથી જ પ્રતિવાદીઓને વિલ થયાની જાણ હતી તેવું માની લેવું જોઈએ.

**(૭.૨)** વાદી તર્ફે રજુ કરેલ નામદાર ગુજરાત હાઈકોર્ટના બેચરભાઈ ઝવેરભાઈ પટેલ વિ. જશભાઈ શીવાભાઈ પટેલનો ચુકાદો વંચાણે લીધો. આ ચુકાદાના સિધ્ધાંત સાથે કોઈ બે મત નથી. ડોકયુમેન્ટ રજીસ્ટર થાય ત્યારે ડોકયુમેન્ટના એકઝીકયુટ કરનારા પક્ષકારોને તેની જાણ છે તેવુ માની શકાય. આ ઉપરાંત જે મિલ્કત સંબંધે ડોકયુમેન્ટ રજીસ્ટર્ડ થયો છે તે મિલ્કતમાં હિત ધરાવનાર વ્યકિતઓ જેવા કે દસ્તાવેજમાં સહી કરનારના વારસો કે જેમને દસ્તાવેજ એકઝીકયુટ થયાની જાણ એકઝીકયુટ કરનાર તરફથી કે બીજી અન્ય કોઈ રીતે થઈ શકે તેવા સંજોગો હોય તો તેવા તમામ વ્યકિતઓને દસ્તાવેજ રજીસ્ટર્ડ થયો હોય ત્યારે ડીમડ નોટીસ છે તેવુ કહી શકાય. આ ચુકાદામાં પણ પેરા નં.૬.૨ માં દીલબોના કેસ ઉપર આધાર રાખીને એવુ ઠરાવવામાં આવ્યુ છે કે, જેણે **ડયુ ડેલીજન્સ** રાખવી ઘટે તેવા પક્ષકારોને દસ્તાવેજની નોટીસ છે તેવુ માની શકાય. અહીં હાથ ઉપરના કેસમાં વાદીઓ કે તેના મર્હુમ વડીલ નથુરામ ખારવા સાથે પ્રતિવાદીઓ કોઈ સંબંધથી જોડાયેલા નથી, માત્ર બાજુની મિલ્કત ધારણકર્તા છે તેટલો જ સંબંધ છે તેવુ દેખાય છે. તે સંજોગોમાં નથુરામ ખારવાની તરફેણમાં થયેલ વીલની જાણકારી પ્રતિવાદીઓને હોય અથવા પ્રતિવાદીઓએ પુરતી કાળજી રાખીને બાજુની જમીન અંગે કોઈ રજીસ્ટર્ડ વીલ થઈ છે કે કેમ તેની

તપાસ કરવી જોઈએ તેવી અપેક્ષા રાખી શકાય નહી. તે સંજોગોમાં આ ચુકાદો વાદીઓને મદદરૂપ થતો નથી. અલબત અહીં ફરીથી નોંધીએ છીએ કે પ્રતિવાદીઓને નથુરામ ખારવાની તરફેણમાં થયેલ વીલને ચેલેન્જ કરવા માટે કોઈ લોકસ છે કે કેમ તેનો નિર્ણય દાવાના ગુણદોષ ઉપર થશે, પરંતુ જ્યાં સુધી સમયમર્યાદાની તકરારનો ટેકનીકલ મુદો ઉપસ્થિત કરવામાં આવ્યો છે ત્યાં સુધી મારુ એવુ માનવુ છે કે જો પ્રતિવાદી એમ કહેતા હોય કે દાવો થયો હોય ત્યારે જ તેને વીલની જાણકારી થઈ છે તો તેને ત્યારે પ્રથમ દર્શનીય રીતે ખોટી માની લેવાનું કારણ નથી કારણ કે વિરૂધ્ધની કોઈ બાબત રેકર્ડ ઉપર નથી.

વાદી તર્ફે પુનમભાઈ સાણાભાઈ વાણંદ વિ. હસમુખભાઈ બચુભાઈ પરસાણાના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવ્યો છે. આ ચુકાદાની હકીકત હાથ ઉપરના કેસની હકીકતથી ભિન્ન છે. આ ચુકાદાના પેરા નં.૧૧ માં એવુ સ્પષ્ટ નોંધવામાં આવ્યુ છે કે, તે કેસમાં વાદીએ રેવન્યુ રેકર્ડમાં નકલો જે તારીખે મેળવી હતી તે રેકર્ડ પર હતુ અને તેથી રેવન્યુ રેકર્ડમાં થયેલ ફેરફારની વાદીને જાણ હતી છતા સમયમર્યાદામાં દાવો કર્યો ન હતો. અહીં હાથ ઉપરના કેસમાં કાઉન્ટર કલેઈમ કરનાર પ્રતિવાદીઓને વીલની અગાઉથી જ જાણ છે તેવુ દર્શાવતુ કોઈ પ્લીડીંગ કે દસ્તાવેજ રજુ થયેલો નથી.

રાઘવેન્દ્ર શરણ સીંગ વિ. રામ પ્રસન્ન સીંગના નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાની હકીકતો પણ હાથ ઉપરના કેસ

કરતા ભિન્ન છે. તે કેસમાં પણ હકીકત એવી હતી કે, જે દસ્તાવેજ અંગે દાદ મેળવવાની વાદીએ માંગણી કરી હતી તે દસ્તાવેજને વાદીએ ચેલેન્જ કર્યો ન હતો. અહીં પ્રતિવાદીઓ વીલને ચેલેન્જ કરી રહયા છે અને ગેરકાયદેસરનું ઠરાવવાની દાદ માગી છે. આ ઉપરાંત સુપ્રિમ કોર્ટ સમક્ષના કેસમાં એવી પણ હકીકત હતી કે, જે વાદીઓ દાવો દાખલ કરતા હોય તે વાદીઓ અગાઉ થયેલ વહેંચણના દાવામાં પ્રતિવાદી તરીકે હતા, તેથી પણ વાદીઓને ગીફટના દસ્તાવેજની અગાઉથી જ જાણ છે તેવુ દેખાય આવતુ હતુ. અહીં હાથ ઉપરના કેસમાં આવી કોઈ હકીકત નથી.

ખાતુનબેન મહમદભાઈ વિ. શૌકતહુસેન પટેલનો ચુકાદો પણ વાદીને મદદરૂપ થાય તેમ નથી કારણ કે તે કેસની હકીકતો એવી હતી કે, ખુદ વાદીએ જ ફોટો આઈડી અને સહી કોઈ ચોકકસ તારીખે કરેલી હતી અને પાછળથી તે દસ્તાવેજને આઠ વર્ષ બાદ ચેલેન્જ કર્યો હતો. અહીં એવો કોઈ કેસ નથી.

**(૭.૩)** વધુમાં પ્રતિવાદીના કાઉન્ટર કલેઈમમાંથી એવુ કોઈ ઠેકાણે સ્પેલઆઉટ થતુ નથી કે કોઈ ચોકકસ તારીખે પ્રતિવાદીને વિલની જાણ થઈ ગયેલ હતી. હાલની અરજીની સામે પ્રતિવાદી નં. ૧ થી ૪ એ આંક–૨૯ થી જવાબ રજૂ કર્યો છે, તેમાં પ્રતિવાદીઓનું કથન એવુ છે કે, પ્રતિવાદીઓનું કાઉન્ટર કલેઈમ રજૂ કરવાનુ કારણ તા.૦૩/૧૧/૨૦૧૭ ના અરસામાં આ દાવો દાખલ થયો ત્યારે પ્રાપ્ત થયેલ છે. તે સંજોગોમાં ૧૯૬૫ ની સાલમાં વિલ નોંધાયુ છે તેને

રદ્દબાતલ ઠરાવવાની દાદ જે પ્રતિવાદી નં. ૧ થી ૪ એ પોતાના કાઉન્ટર કલેઈમ ધ્વારા માંગી છે તેને સમયમર્યાદાનો બાધ નડે છે તેવું અત્રેના તબકકે ઠરાવી શકાય નહી. કારણ કે ખરેખર પ્રતિવાદી નં. ૧ થી ૪ ને રજીસ્ટર્ડ થયેલ વિલની જાણ કયારે થઈ તે બાબતે પુરાવો લીધા પછી જ નકકી થઈ શકે તેવી છે.

**(૭.૪)** નામદાર સુપ્રિમ કોર્ટે **છોટનબેન વિરુધ્ધ કીરીટભાઈ (૨૦૧૮)૬,એસ.સી.સી.,૪૨૨.** ના ચુકાદામાં આ બાબતે છણાવટ કરી છે. તદઅનુસાર જયારે પ્રતિવાદીઓ રજીસ્ટર્ડ થયેલ ડોકયુમેન્ટના પક્ષકારો ન હોય અથવા તો તેની જાણ બહાર રજીસ્ટર્ડ થયેલ ડોકયુમેન્ટ એકઝીકયુટ થયેલ હોય ત્યારે આ ડોકયુમેન્ટનું પ્રતિવાદીનું ડિમ્ડ નોલેજ છે તેવા તારણ પર પહોંચી શકાય નહી. તેથી વાદીની આ અરજી આ તબકકે મંજૂર થવા પાત્ર નથી.

**(૭.૫)** વધુમાં વાદીની અરજી મંજૂર ન રાખવા માટે બીજુ કારણ એવુ પણ છે કે, પ્રતિવાદીએ કાઉન્ટર કલેઈમ ધ્વારા માત્ર વિલને ગેરકાયદેસર ઠરાવવાની દાદ માંગી નથી પરંતુ તે સિવાય બીજી પણ રીલીફ માંગેલી છે અને તેવી દાદ મેળવવા માટે પ્રતિવાદી નં. ૧ થી ૪ ના કાઉન્ટર કલેઈમને સમયમર્યાદાનો બાધ નડે છે તેવી કોઈ રજૂઆત નથી. નામદાર સુપ્રિમ કોર્ટના અનેક ચુકાદાઓમાં એવુ નિર્ણિત થઈ ચુકયુ છે કે, જયારે સમગ્ર દાવો રદ્દ થવા પાત્ર હોય ત્યારે જ સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧ ની જોગવાઈઓ મુજબ દાવો રદ્દ થઈ શકે. બીજા શબ્દોમાં કહીએ તો અમુક ચોકકસ પોર્સન પુરતો દાવો રદ્દ ગણાય

અને બાકીના પોર્સન પુરતો દાવો ચાલુ રાખવો તેવો હુકમ સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧ મુજબ થઈ શકે નહી. આ બાબતે નામદાર સુપ્રિમ કોર્ટનો **સેજલગ્લાસ લીમીટેડ વિરુધ્ધ નવીલન મર્ચન્ટ પ્રા.લીમીટેડ (૨૦૧૮)૧૧,એસ.સી.સી., ૭૮૦.** ના ચુકાદામાં જણાવેલ સિધ્ધાંતો મદદરૂપ થાય છે. જે માનસહિત ધ્યાને લીધા છે.

**(૭.૬)** પ્રતિવાદી તરફથી નામદાર દિલ્હી હાઈકોર્ટના ઈર્શાદઅલી વિ. શહાબા બેગમના ચુકાદા પર આધાર રાખ્યો છે. જે કેસની હકિકતો હાથ ઉપર ના કેસથી થોડી ભિન્ન છે. તે કેસમાં એવુ ઠરાવવામાં આવ્યુ હતુ કે જયારે વાદીના અધિકારને થ્રેટેન કરવામાં આવે ત્યારથી દાવો કરવાનું કારણ પ્રાપ્ત થયેલ ગણાય. અહીં હાથ ઉપરના કેસમાં વાદીના વિલને રદ્દબાતલ ઠરાવવાની દાદ પ્રતિવાદી નં. ૧ થી ૪ નાએ માંગી છે. તે બાબતે પ્રતિવાદી નં. ૧ થી ૪ ને કેટલા હકક કે અધિકાર પહોંચે છે અને લોકસ છે કે કેમ તેની ચર્ચા દાવાના મેરીટ ઉપર થશે. અત્યારે વાદી ધ્વારા દાવો દાખલ કરીને જે કાર્યવાહી શરુ કરી છે તેનાથી પ્રતિવાદીઓના પ્લીડીંગ મુજબ તેમના વર્ષો જુના સ્ટ્રકચરને અસર પહોંચે તેમ છે અને તેથી પ્રતિવાદીઓએ કાઉન્ટર કલેઈમ દાખલ કર્યો હોવાની પ્રતિવાદીઓની રજૂઆત છે. જેને સમયમર્યાદાનો બાધ સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧(ડી) અન્વયે હાલના તબકકે પડતો નથી તેવુ મારુ માનવુ છે.

**(૭.૭)** પ્રતિવાદી તરફે નામદાર મધ્યપ્રદેશ હાઈકોર્ટનો જગદીશકુમાર વિ. હરીશંકરનો જે ચુકાદો રજૂ કર્યો છે તે કેસમાં કાઉન્ટર

કલેઈમ કરનારાઓએ કોઈ દસ્તાવેજ રદ્દબાતલ ઠરાવવાની દાદ માંગી જ ન હતી. તેથી તેટલા પુરતા તે ચુકાદાની હકિકત હાથ ઉપરના કેસની હકિકતથી ભિન્ન છે. અલબત્ત નામદાર મધ્યપ્રદેશ હાઈકોર્ટે પણ એ બાબતની નોંધ કરી છે કે, પ્રતિવાદી દસ્તાવેજના પક્ષકારો ન હતા અને તેથી લીમીટેશનનો બાધ નડતો નથી તેવુ તારણ આપ્યુ હતુ. આ કોર્ટે પણ ઉપર કારણો જણાવ્યા છે તેમાં એવુ નોંધ્યુ છે કે, પ્રતિવાદીના કાઉન્ટર કલેઈમના પ્લીડીંગમાંથી જ જોઈ શકાતુ હોય કે પ્રતિવાદીને વિલની જાણકારી હતી જ તે સિવાય, પ્રતિવાદીઓને વિલ થયાની જાણ વિલ એકઝીકયુટ થયાની તારીખે થઈ ગઈ છે તેવુ માની શકાય નહી. કારણ કે પ્રતિવાદી નં. ૧ થી ૪ એ વિલમાં સહી કરનાર હોય કે વિલ એકઝીકયુટ થયું ત્યારે હાજર હોય તેવો કોઈ કેસ નથી અને પહેલેથી પ્રતિવાદી નં. ૧ થી ૪ ને વિલ બાબતે જાણકારી પ્રાપ્ત થઈ ચુકી હોય તેવો પણ કોઈ કેસ કાઉન્ટર કલેઈમમાં દેખાતો નથી. અને હાલની અરજીનો નિર્ણય કરતી વખતે આ કોર્ટે કાઉન્ટર કલેઈમ સિવાય બીજુ કંઈ ધ્યાને લેવાનું નથી એ પણ કાયદાનો સ્થાપિત સિધ્ધાંત છે. તેથી વાદીની રજૂઆત કે વિલ રજીસ્ટર્ડ થઈ ગયુ છે તેથી વિલની જાણ પ્રતિવાદી નં. ૧ થી ૪ ને છે જ તેવુ માની લેવુ જોઈએ તેવી રજૂઆત સ્વીકારી શકાય તેવી નથી.

(૭.૮) જેથી ઉપરોકત સંજોગોમાં વાદીની હાલની અરજી મંજૂર થવા પાત્ર નથી તેમ માનુ છુ અને નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

**-:: હુકમ ::-**

(૧) વાદીની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) અરજીનો ખર્ચ દાવાના આખરી નિર્ણયની અનુસરશે.

હુકમ આજ રોજ વીડીયો કોન્ફરન્સથી ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ઉના.
તારીખ: ૦૮/૦૯/૨૦૨૦

**(Virendrasinh Gemalsinh Rana)**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, ઉના.
કોડ નં.જી.જે.૦૦૯૬૪